BAOU
Education for All

DR. BABASAHEB AMBEDKAR
OPEN UNIVERSITY
(Established by Government of Gujarat)



MASTER of LIBRARY AND INFORMATION SCIENCE

SCHOOL of HUMANITIES and SOCIAL SCIENCES

નોંધ: આ અભ્યાસક્રમમાં પ્રવેશ ફક્ત ઓગસ્ટ સત્રમાં કરવામાં આવે છે.

- યુનિવર્સિટી દ્વારા પરામર્શન માટે જે કેન્દ્ર ફાળવવામાં આવે તે કેન્દ્ર પર વિદ્યાર્થીએ જવાનું રહેશે.

પ્રસ્તાવના:

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU) ની સ્થાપના 13 એપ્રિલ, 1994 ના રોજ ગુજરાત રાજ્ય વિધાનસભા દ્વારા પસાર કરાયેલા કાયદા નં. 14 દ્વારા કરવામાં આવી હતી અને 27 જુલાઈ, 1994 ના રોજ ગુજરાતના રાજ્યપાલ દ્વારા તેને મંજૂરી આપવામાં આવી હતી. BAOU તેની સ્થાપનાની દ્રષ્ટિએ દેશની સાતમી ઓપન યુનિવર્સિટી છે. માનવતા અને સામાજિક વિજ્ઞાન શાળા દ્વારા ઓફર કરવામાં આવતા અભ્યાસક્રમોનો હેતુ સમકાલીન સમાજ, અર્થતંત્ર અને રાજકારણના ઉભરતા મુદ્દાઓ અને સમસ્યાઓ પર જ્ઞાન આપવા અને ઉત્પન્ન કરવાનો છે.

હેતુઓ:

- ગ્રંથાલય વિજ્ઞાનના વ્યાવસાયિક અભ્યાસની ગુજરાતી માધ્યમમાં રાજ્યવ્યાપી સગવડ ઊભી કરવી.
- રાજયભરમાં અને સવિશેષ ગ્રામ્ય વિસ્તારોમાં ગ્રંથાલય સેવાઓ સુવ્યવસ્થિત અને કાર્યક્ષમ બનાવવા માટે યોગ્ય રીતે શિક્ષિત વ્યાવસાયિકો તૈયાર કરવા.
- પ્રવર્તમાન ગ્રંથાલયમાં કાર્યરત અર્ધવ્યાવસાયિકો અને ઉપ-વ્યાવસાયિકોને ચાલુ નોકરીએ લાયકાત સુધારવાની તક આપવી.

સ્વાધ્યાયકાર્ય જમા કરાવવા અંગે

- વિદ્યાર્થીઓએ પાઠ્યક્રમ દીઠ એક-એક સ્વાધ્યાયકાર્યો Tutor Marked Assignment (TMA) તૈયાર કરવાના રહેશે.
- જે તે અભ્યાસક્રમના વિદ્યાર્થીએ Tutor Marked Assignment (TMA) સ્વાધ્યાયકાર્યોની એક નકલ પોતાની પાસે રાખી મૂળ નકલ અભ્યાસકેન્દ્ર ખાતે જમા કરાવી નિયત રસીદ મેળવવાની રહેશે.
- MLISના અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓએ કૉલેજ, યુનિવર્સિટી તથા કોઈપણ જાહેર ગ્રંથાલયમાં ૧ મહિનાની ઇન્ટર્નશિપ ફરજિયાત કરવાની રહેશે, ઈન્ટર્નશિપમાં વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખીને તેમજ કૉલેજના સમયને ધ્યાનમાં રાખીને કલાક દીઠ ઇન્ટર્નશિપની સમય મર્યાદા કૉલેજ, યુનિવર્સિટી અથવા જાહેર ગ્રંથાલયમાના કાર્યરત ૩૦ દિવસ અથવા રોજના ૫ કલાક મુજબ 100 કલાક, જે ઈન્ટનશિપ ચાલુ કર્યાથી વધુમાં વધુ ૩ મહિના દરમિયાન પૂરી કરવાની રહેશે.

- મૂલ્યાંકન: વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન બે રીતે કરવામાં આવશે.

સતત મૂલ્યાંકન: *(30 ગુણ, ભારાંક 30%) સ્વાધ્યાય કાર્યોને આધારે કરવામાં આવશે.*

- સત્રાંત પરીક્ષા મૂલ્યાંકન: *(70 ગુણ, ભારાંક 70%)*
  - સફળતાનું ધોરણ: ઉત્તીર્ણ થવા માટે (પાઠ્યક્રમદીઠ)

પ્રવેશપાત્રતા :

- માન્ય યુનિવર્સિટીની BLIS અભ્યાસક્રમની સ્નાતક પદવી.
- અભ્યાસક્રમ ફી : 9000
- અભ્યાસક્રમનો સમયગાળો: લઘુત્તમ - 1 વર્ષ મહતમ 4 વર્ષ

Course Structure

Sr. No	Paper Code	Name of the Subject	Credit
	Compulsory Papers		
1	MLIS - 101	માહિતી પૃથ્થકરણ, પુનઃગઠન અને દ્રઢીકરણ (Information Analysis, Repackaging and Consolidations)	4
2	MLIS - 102	પુસ્તકાલય અને માહિતી પ્રણાલીઓ અને કેન્દ્રોનું સંચાલન (Management of Library & Information Systems and Canters)	4
3	MLIS - 103	સંશોધન પદ્ધતિઓ (Research Methodology)	4
4	MLIS - 104	ડિજિટલ ગ્રંથાલય (Digital Library)	4
5	MLIS - 105	માહિતી પ્રત્યાયન અને સમાજ Information Communication and Society	4
6	MLIS - 106	માહિતી પ્રત્યાયન ટેકનોલોજી (Information Communication Technology)	4
7	MLIS - 107(P)	પ્રોજેક્ટ (Project/Dissertation Work)	4
8	MLIS -108(I)	ઇન્ટરનશીપ (Internship)	4
	Elective Papers (Choose any two subject)		
9	MLIS E-109	ગ્રંથાલય સામગ્રીની જાળવણી અને સંરક્ષણ (Preservation and Conservation of Library)	4
10	MLIS E-110	શૈક્ષણિક ગ્રંથાલય (Academic Library)	4
11	MLIS E-111	સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિ અને સેવાઓ (Public Library System and Services)	4
12	MLIS E-112	મેટ્રીક્સ અને એનાલિસિસ (Metrics and Analysis)	4
Total credit of course			40

સંપર્ક સૂત્ર: libraryscience@baou.edu.in

આ અભ્યાસક્રમને લગતી તમામ વિગતો વેબસાઈટ (https://baou.edu.in/) પર ઉપલબ્ધ છે.-